# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-01-2025** **MORNING : 7.45 to 7.55**

**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિવિધ રેલવે પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે
2. કેન્દ્રીય સ્ટીલ મંત્રી એચ. ડી. કુમારસ્વામી આજે નવી દિલ્હીમાં સ્ટીલ ક્ષેત્ર માટેની ‘PLI યોજના 1.1’નો પ્રારંભ કરાવશે.
3. અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જૅક સુલિવન આજે નવી દિલ્હીમાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે મુલાકાત કરશે
4. ભારતીય ખેલાડી અનાહત સિંહ બ્રિટિશ જૂનિયર ઑપન સ્ક્વૉશ ટૂર્નામેન્ટની ફાઈનલમાં પહોંચ્યાં
5. જમ્મુ-કાશ્મીર, લદાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડાની આગાહી

*********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV PM RAIL PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિવિધ રેલવે પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે. જમ્મુ ક્ષેત્રમાં રેલવે સંપર્કને પ્રોત્સાહન આપવા માટે પ્રધાનમંત્રી નવા રેલવે મંડળનું પણ ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી ઈસ્ટ કોસ્ટ રેલવેના રાયગઢ રેલવે મંડળ ભવનનો પણ શિલાન્યાસ કરશે.

ઉપરાંત શ્રી મોદી હૈદરાબાદ નજીક ચાર્લાપલ્લી નવા ટર્મિનલ મથકનું લોકાર્પણ કરશે. તેલંગાણાના મેડચલ-મલકાજગિરિ જિલ્લામાં આ ટર્મિનલ મથકને 400 કરોડ રૂપિયાથી વધુના ખર્ચ સાથે નવા કોચિંગ ટર્મિનલ તરીકે તૈયાર કરાયું છે. આ ટર્મિનલ મથકના કારણે સિકંદરાબાદ, હૈદરાબાદ અને કાચેગુડા સહિતના શહેરોમાં હાલના મથક પર ભીડ ઓછી થવાની આશા છે.

# DHANKAR NCC

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે, દેશનો નાગરિક રાષ્ટ્રવાદ પ્રત્યે પ્રતિબદ્ધ ન હોય ત્યાં સુધી કોઈ પણ દેશ વિકાસ ન કરી શકે.

દિલ્હીમાં રાષ્ટ્રીય છાત્રસેના NCC ગણતંત્ર દિવસ શિબિર 2025નું ઉદ્ઘાટન કરાવતા ગઈકાલે શ્રી ધનખડે કહ્યું કે, ભારતના વિકાસ માટે રાષ્ટ્રવાદ, સંગઠન અને દેશ પ્રથમ દ્રષ્ટિકોણની જરૂર છે. ઉપ-રાષ્ટ્રપતિએ દેશનું પરિવર્તન સામાજિક, સદભાવ, જમીની સ્તર પર દેશભક્તિના મૂલ્યોને આત્મસાત કરવા,

પર્યાવરણ જાગૃતિ, આત્મનિર્ભરતા અને નાગરિક કર્તવ્ય એમ પાંચ સ્તંભ ઉપર ટકેલું હોવાનું જણાવ્યું હતું.

(બાઈટઃ જગદીપ ધનખડ, ઉપ-રાષ્ટ્રપતિ)

# KUMARASWAMY - PLI

કેન્દ્રીય સ્ટીલ મંત્રી એચ. ડી. કુમારસ્વામી આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતેથી સ્ટીલ ક્ષેત્ર માટેની 'PLI યોજના 1.1'નો પ્રારંભ કરાવશે. દરમિયાન શ્રી કુમારસ્વામી અરજીઓ પણ મગાવશે. સ્ટીલ મંત્રાલયે જણાવ્યું હતું કે, મંત્રલયના PLIએ 14 હજારથી વધુના સીધા રોજગાર સાથે અંદાજે 27 હજાર કરોડ રૂપિયાનું રોકાણને આકર્ષિત કર્યું છે.

# PM AYURVED RESEARCH INSTITUTE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે વર્ચ્યૂઅલ માધ્યમથી નવી દિલ્હીના રોહિણીમાં કેન્દ્રીય આયુર્વેદ સંશોધન સંસ્થાના નવા ભવનનો શિલાન્યાસ કર્યો હતો. આ નવા આધુનિક ભવનનું નિર્માણ 185 કરોડ રૂપિયાના ખર્ચે કરાશે. અંદાજે ત્રણ એકરમાં ફેલાયેલી આ ઈમારત પરંપરા અને નવીનતાનું મિશ્રણ હશે, જે સમગ્ર ઉપચાર, વિશેષ ચિકિત્સાલય અને કૌશલ્ય વિકાસની નવી તક પૂરી પાડશે.

આ પ્રસંગે સંબોધન કરતા શ્રી મોદીએ ગરીબમાં ગરીબ વ્યક્તિ સુધી આરોગ્ય સેવા પહોંચાડવા માટે સરકારનું ધ્યાન હોવા પર ભાર મૂક્યો હતો.

પ્રધાનમંત્રીએ કહ્યું, સરકાર આયૂષ અને આયુર્વેદ જેવી પરંપરાગત ભારતીય ચિકિત્સા પ્રણાલિઓને પણ પ્રોત્સાહન આપી રહી છે. તેમણે કહ્યું, ગત એક દાયકામાં 100થી વધુ દેશમાં આયૂષ પ્રણાલિનું વિસ્તરણ થયું છે. શ્રી મોદીએ ઉમેર્યું, પરંપરાગત ચિકિત્સા સંબંધિત પહેલી વિશ્વ આરોગ્ય સંસ્થા- W.H.O.ની સ્થાપના ભારતમાં કરવામાં આવી રહી છે.

# INDIA US NSA MEETING

અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જૅક સુલિવન આજે નવી દિલ્હીમાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે મુલાકાત કરશે. આ બેઠકમાં મહત્વના અને ઉભરતી ટેક્નોલોજી- I.C.E.T. અને અન્ય દ્વિપક્ષી વિષયો પર વ્યાપક ચર્ચા થશે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગઈકાલે સંવાદદાતાઓને જણાવ્યું કે, ભારત અને અમેરિકા વચ્ચે સતત અને વિસ્તૃત ચર્ચા થતી રહે છે. તેમણે કહ્યું, અમેરિકાની વર્તમાન સરકારનો કાર્યકાળ પૂર્ણ થવાને આરે છે, પરંતુ આ સમયે પણ આવા પ્રકારની બેઠકો અને મુલાકાતથી બંને દેશના સંબંધ મજબૂત થઈ રહ્યા છે. શ્રી સુલિવન વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે પણ મુલાકાત કરશે. ઉપરાંત તેઓ ભારતીય ટેક્નોલોજી સંસ્થા દિલ્હી પણ જશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી

શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# SQUASH BRITISH JUNIOR OPEN

ભારતનાં ખેલાડી અનાહત સિંહ બ્રિટિશ જૂનિયર ઑપન સ્ક્વૉશ ટૂર્નામેન્ટની ફાઈનલમાં પહોંચ્યાં છે. 17 વર્ષથી ઓછી વયની બાળકીઓ સિંગલ્સ ટાઈટલ માટે ઇંગ્લૅન્ડના બર્મિંઘમમાં અનાહત સિંહે સેમિ-ફાઈનલમાં ઇજિપ્તનાં રૂકૈય્યા સાલેમને ત્રણ-એકથી પરાજય આપ્યો હતો.

અનાહત સિંહ હવે ફાઈનલમાં ઇજિપ્તનાં મલિકા એલ. કારાક્સી સામે રમશે. આ પહેલા કારાક્સીએ સેમિ-ફાઈનલમાં હૉંગકૉંગનાં હેલન તાંગને પરાજય આપ્યો હતો. વિશ્વ જૂનિયર સ્ક્વૉશ ચેમ્પિયનશીપ બાદ બ્રિટિશ જૂનિયર ઑપનને બીજી સૌથી પ્રતિષ્ઠિત જૂનિયર સ્ક્વૉશ ચેમ્પિયનશીપ માનવામાં આવે છે.

# HIL HOCKY

હૉકી ઇન્ડિયા લીગમાં તમિલનાડુ ડ્રૅગન્સે ગઈકાલે રાત્રે યુપી રુદ્રાઝને 2–0થી પરાજય આપી પોતાની પહેલી જીત નોંધાવી હતી. ઓડિશાના રાઉરકેલાના બિરસા મુંડા સ્ટૅડિયમમાં રમાયેલી મેચમાં તમિલનાડુના આભારન સુદેવ અને થૉમસ સોર્સબીએ ગૉલ કર્યા હતા.

આ પહેલા રાઉરકેલામાં સૂરમા હૉકી ક્લબે વર્તમાન વિજેતા વેદાન્ત કલિન્ગા લાન્સર્સને 4–3થી મ્હાત આપી હતી. હાફટાઈમથી થોડી જ પહેલા, ખેલાડી સંજયના ગૉલના કારણે લાન્સર્સને સરસાઈ મળી હતી. આજે ટૂર્નામેન્ટમાં સૂરમા હૉકી ક્લબ દિલ્હી એસજી પાઈપર્સ સામે રમશે. આ મેચ રાત્રે સવા આઠ વાગ્યે શરૂ થશે.

# IMD WEATHER

ઉત્તર ભારતમાં હાલમાં ઠંડીનું મોજું યથાવત્ છે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન જમ્મુ અને કાશ્મીર, લદાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં લઘુત્તમ તાપમાનમાં ચારથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાઈ શકે છે. જ્યારે આજે હિમાચલ પ્રદેશના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની પણ આગાહી છે.

ઉપરાંત પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, સિક્કીમ, બિહાર, ઝારખંડ અને ઉત્તર-પૂર્વના કેટલાક ભાગમાં આગામી 2 દિવસ રાત્રે અને સવારના સમયે ગાઢ ધુમ્મસની સ્થિતિ યથાવત્ રહેવાની પણ સંભાવના છે. આ તરફ ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતમાં આગામી 3 થી 4 દિવસ લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય.

# SYRIA QATAR MEETING

સિરીયાના વિદેશ મંત્રી અસદ હસન અલ-શિબાનીએ સિરીયા પર લગાવેલા પ્રતિબંધને દેશના વિકાસમાં અડચણરૂપ ગણાવતા અમેરિકાને આ

પ્રતિબંધ હટાવવા આગ્રહ કર્યો છે. કતારના સત્તાવાર પ્રવાસ દરમિયાન તેમણે આ મુજબ જણાવ્યું હતું.

કતારના પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી સાથેની બેઠકમાં શ્રી હસન અલ-શિબાનીએ કહ્યું કે, પ્રતિબંધના કારણે તંત્રથી વધારે લોકોને અસર થાય છે. સિરીયન અધિકારીઓ હાલમાં આંતર-રાષ્ટ્રીય મદદ માગી રહ્યા છે. તેમજ આર્થિક સુધારા અને રાજકીય સ્થિરતા માટે ભાગીદારીની ભવિષ્યની યોજના તૈયાર કરી રહ્યા છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

આજના અખબારોમાં વિવિધ સમાચારો હેડલાઇનમાં જોવા મળે છેઃ

•ગુજરાત સમાચારની હેડલાઇન છે- યુરોપ-અમેરિકા પર બરફનું તોફાનઃ કરોડો લોકો અંધારપટમાં, અખબારે ‘બ્રિટનમાં બરફની ચાદર’ શિર્ષક સાથે તસવીર પણ પ્રકાશિત કરી છે.

•તો આ જ સમાચારને હેડલાઇન બનાવી નવગુજરાત સમયે લખ્યું છે, અમેરિકામાં બરફનું તોફાનઃ પાંચ રાજ્યોમાં ઇમરજન્સી

•ગાઝામાં ઇઝરાયેલના સતત હૂમલાનાં સમાચારને હેડલાઇન બનાવી સંદેશે લખ્યું છે, ગાઝામાં ઇઝરાયેલનો કાળો કેરઃ ત્રણ દિવસ, 94 એર સ્ટ્રાઇક, 184 મોત

•ઓસ્ટ્રેલિયા સામે ક્રિકેટ શ્રેણીમાં ભારતનાં પરાજયનાં સમાચારને મોટાં ભાગનાં દૈનિકોએ પ્રથમ પાને તસવીર સાથે પ્રકાશિત કર્યા છે. નવગુજરાત સમયનું શિર્ષક છે- ઓસ્ટ્રેલિયા સામે અંતિમ ટેસ્ટમાં નાલેશીભરી હાર સાથે ભારત WTC ફાઇનલમાંથી બહાર, તો દિવ્ય ભાસ્કરનું હેડિંગ છે- ઓસ્ટ્રેલિયામાં 10 વર્ષ બાદ ભારતે ટેસ્ટ સિરીઝ ગુમાવી

•સંદેશના અહેવાલ પ્રમાણે, યુપી-બિહારમાં કાતિલ ઠંડીથી 10નાં મોત, ધુમ્મસને કારણે જનજીવન પ્રભાવિત

•ફુલછાબની હેડલાઇન છે- પોરબંદરમાં કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર ક્રેશઃ ત્રણ જવાન શહીદ-